આકાશવાણી, અમદાવાદ

22-01-2026 Midday: 2.30 TO 2.35 PM

Thursday Regional News

VAV THARAD REPUBLIC DAY

77મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નવ રચિત વાવ–થરાદ જિલ્લામાં થશે. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા પરેડ અને કાર્યક્રમો યોજાશે.

25 જાન્યુઆરીએ સવારે સેવા સદન અને દૂધવા GIDCનું ભૂમિપૂજન, ગૌમાતા સર્કલનું અનાવરણ, નારી સશક્તિકરણ કાર્યક્રમ, ગૌભક્તો સાથે મુખ્યમંત્રીશ્રીનો સંવાદ તેમજ ગાયત્રી મંદિરમાં શસ્ત્ર પ્રદર્શન જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત, થરાદના મલુપુર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં “એટ હોમ” કાર્યક્રમ યોજાશે.

. . . . . . . . . .

SURENDRANAGAR DEMOLITION

સુરેન્દ્રનગરના થાનગઢમાં તંત્ર દ્વારા 260 જેટલા ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ. હાલ 210 કરોડથી વધુની કિંમતની સરકારી જમીન પરથી દબાણ હટાવવામાં આવી રહ્યું હોવાનું નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ જણાવ્યું.

. . . . .

BHARUCH DEATH

ભરૂચ પોલીસ મુખ્ય કાર્યાલય ખાતે ભરતી પ્રક્રિયા દરમિયાન દોડ પૂર્ણ કર્યા યુવકનું મોત નીપજયાના અહેવાલ છે. કચ્છના 25 વર્ષીય રવિરાજ જાડેજા પોલીસ ભરતીની દોડ પૂર્ણ કર્યા બાદ અચાનક બેભાન થઈ જતાં તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જોકે, તબીબોના પ્રયત્નો છતાં તેમનો જીવ બચ્યો ન હતો. ઘટનાની જાણ થતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

. . . . .

ARVALLI KHETIVADI

અરવલ્લીમાં વાતાવરણમાં પલટાની આગાહીને લઈ જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને વિશેષ જાણકારી આપવામાં આવી છે. તે મુજબ, કમોસમી વરસાદથી થતા પાક નુકસાનથી બચવા ખેડૂતોને તકેદારી રાખવા જણાવાયું છે. આ અંગે ખેતીવાડી અધિકારી પી. બી. પરમારે વધુ માહિતી આપી.

## THOL ABHYARANYA

મહેસાણાના કડી નજીક આવેલા થોળ પક્ષી અભયારણ્યમાં આગામી 31 જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીએ પક્ષીઓની વાર્ષિક ગણતરી કરાશે. જળાશયમાં આવતા દેશી અને વિદેશી પક્ષીઓની ગણતરીને ધ્યાને રાખી આ બંને દિવસ અભયારણ્ય મુલાકાતીઓ માટે બંધ રહેશે. પક્ષી ગણતરીની કામગીરીમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે વિશેષ કાળજી રાખવા પણ તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

. . . . . . . . . . .

## JUNAGADH BHARATI MELO

જુનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલે ભરતી મેળો યોજાશે. બહુમાળી ભવનના પહેલા માળે "બી" વિન્ગમાં આવેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં આ મેળો યોજાશે. તેમાં અમદાવાદ, જુનાગઢની ખાનગી કંપનીઓ દ્વારા વિવિધ જગ્યા માટે ઉમેદવારો ઈન્ટરવ્યૂ આપી શકશે.

. . . . . .

## WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે યુપી વૉરિયર્ઝ અને ગુજરાત જાયન્ટ્સની ટીમ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં આજે સાંજે 7.30 વાગ્યે આ 14-મી મૅચ શરૂ થશે. યુપી વૉરિયર્ઝની ટીમ મૅગ લૅનિંગ અને ગુજરાત જાયન્ટ્સની ટીમ ઍશલી ગાર્ડરનરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

. . . . .

## PATAN WATER

પાટણમાં આવતીકાલે 23 જાન્યુઆરીથી 10 દિવસ સુધી એક જ સમયે પાણી પૂરવઠો અપાશે. GUDC – ગુજરાત શહેરી વિકાસ નિગમ દ્વારા ચાલી રહેલા ભૂગર્ભ અને પીવાના પાણીની પાઈપલાઈન નૅટવર્કના કારણે નગરપાલિકાએ આ નિર્ણય કર્યો છે. આ કામગીરી દરમિયાન ખોરસમથી પાટણ આવતો નર્મદાનો પાણીનો પ્રવાહ રોકવામાં આવશે. તેના કારણે સિદ્ધિ સરોવરમાં પાણીનો પૂરવઠો આંશિક રીતે સ્થગિત થશે તેમ નગરપાલિકાનાં પ્રમુખ હિરલ પરમારે જણાવ્યું હતું.

. . . . .